BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# વાર્ષિક વિન્ટર લાઈટ્સ ફેસ્ટિવલથી રજાનો જાદુ ડાઉનટાઉન બ્રેમ્પટનમાં પાછો આવશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (નવેમ્બર 10, 2021) – રજાઓની ભાવનામાં પાછાં આવવાનો સમય આવી ગયો છે અને તે માટે ડાઉનટાઉન બ્રેમ્પટનથી વધારે સારું સ્થળ કોઈ નથી. ફિલ્ડગેટ ડેવલપમેન્ટ્સ દ્વારા પ્રસ્તુત, શહેરના વાર્ષિક વિન્ટર લાઈટ્સ ફેસ્ટિવલની અજાયબી અનુભવો, જે શુક્રવાર, નવેમ્બર 19 થી રવિવાર, નવેમ્બર 21 સુધી ચાલશે, અને કુટુંબને અનુકૂળ પ્રવૃત્તિઓનો આનંદ દરેક વ્યક્તિ ચોક્કસપણે માણી શકે છે.

**ટ્રી લાઈટિંગ કાઉન્ટડાઉન**
કેન વ્હિલન્સ સ્ક્વેર (Ken Whillans Square)
શુક્રવાર, નવેમ્બર 19 નાં રોજ સાંજે 6:45 વાગ્યાથી

રજાઓની ઉલટ ગણતરી (કાઉન્ટડાઉન) શરૂ થવા દો! કેન વ્હિલન્સ સ્ક્વેરનું 60-ફૂટનું સ્પ્રુસ ટ્રી 10,000 ઉપરાંત લાઈટોથી જીવંત બનતું નિહાળો.

**વિન્ટર લાઈટ્સ વૉક-થ્રુ અનુભવ**
ગૅજ પાર્ક (Gage Park)
શુક્રવાર, નવેમ્બર 19 થી રવિવાર, નવેમ્બર 21 સુધી, સાંજે 6 થી રાત્રે 10 વાગ્યા સુધી

Alectra (ઍલેક્ટ્રા) દ્વારા પ્રસ્તુત હોલિડે લાઈટનો ચરમ અનુભવ મેળવવા ગૅજ પાર્કમાં ફરો. પાર્કને વિન્ટર વન્ડરલેન્ડમાં રૂપાંતરિત કરતી, જાદુમય લાઈટ ડિસ્પ્લે અને 145,000 ઉપરાંત ઝગમગતી LED લાઈટ્સની હારમાળાનો આનંદ માણો.

**ક્રિસમસ માર્કેટ**
કેન વ્હિલન્સ સ્ક્વેર

- શુક્રવાર, નવેમ્બર 19 નાં રોજ, બપોરે 4 થી રાત્રે 10 વાગ્યા સુધી
- શનિવાર, નવેમ્બર 20 નાં રોજ, બપોરે 12 થી રાત્રે 10 વાગ્યા સુધી
- રવિવાર, નવેમ્બર 21 નાં રોજ, બપોરે 12 થી સાંજે 5 વાગ્યા સુધી

સ્થાનિક ધંધાઓને ટેકો આપો અને આ વર્ષના આઉટડોર ક્રિસમસ માર્કેટમાં તમારી રજાઓની ખરીદી શરૂ કરો. પરિપૂર્ણ અજોડ ભેટ શોધવા સ્ટૉલ્સ પર ફરતી વખતે સ્થાનિક કલાકારો, વિક્રેતાઓ અને ઘણું બધું શોધી કાઢો.

વિન્ટર લાઈટ્સની બધી ઉજવણીઓ પર વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ, brampton.ca/winterlights

અમે અમારા ઉદાર પ્રાયોજકોના આભારી છીએ જેમાં સામેલ છેઃ TD (ટીડી), Bell (બૅલ), Coke Canada Bottling (કોક કેનેડા બોટલિંગ), Meridian Credit Union (મેરિડિયન ક્રેડિટ યુનિયન) અને Tim Hortons (ટિમ હોર્ટન્સ).

**અવતરણો (ક્વૉટ્સ):**

“વાર્ષિક વિન્ટર લાઈટ્સ ફેસ્ટિવલથી ડાઉનટાઉન બ્રેમ્પટનમાં રજાઓ ફરી એકવાર જીવંત બની છે! બીજા એક લાંબા વર્ષ પછી, આ પ્રસંગ ખરેખર ખાસ રહેશે કારણ કે આપણે સૌ સુરક્ષિતપણે રજાઓ ઉજવવા એકબીજા સાથે રૂબરૂમાં સાથે આવી શકીએ છીએ. હું બધાં રહેવાસીઓને આ વર્ષના આયોજનોમાં ભાગ લેવા અને વિન્ટર લાઈટ્સ અનુભવમાંથી પસાર થવા આમંત્રિત કરું છું! આ રજાઓની ઋતુમાં આપણાં સ્થાનિક કલાકારો અને ધંધાઓને તમારી સહાયતા દેખાડવા ક્રિસમસ માર્કેટમાંથી ખરીદી પણ ચોક્કસ કરો. હું તમને ત્યાં મળવાની આશા રાખું છું!”

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

“આ વર્ષે રૂબરૂમાં થનારા આયોજનમાં વાર્ષિક વિન્ટર લાઈટ્સ ફેસ્ટિવલ જોવાની ખૂબ મજા આવશે જેથી દરેક વ્યક્તિ આ વર્ષે રજાઓનો જાદુ અને ડાઉનટાઉનનું સૌંદર્ય અનુભવી શકે છે. આપણાં સ્થાનિક વિક્રેતાઓને તમારો ટેકો દેખાડવા ક્રિસમસ માર્કેટની મુલાકાત ચોક્કસ લેશો. બ્રેમ્પટનવાસીઓ મોજમજા કરશો અને સુરક્ષિત રહેશો!”

*- હરકિરત સિંહ (Harkirat Singh), સીટી કાઉન્સિલર, વૉર્ડ્સ 9 અને 10; પ્રમુખ, કોર્પોરેટ સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

“આપણું રિઓપનિંગ ચાલુ છે ત્યારે સીટી ઓફ બ્રેમ્પટનની ઈવેન્ટ્સ ટીમે બધાં લોકો આ જાદુઈ પ્રસંગનો સુરક્ષિતપણે આનંદ માણી શકે તે માટે મહેનતભરી કામગીરી કરી છે. આપણાં સમુદાયનું સમર્પણ અને દૃઢતાને આભારી થતા આપણે આ પ્રસંગનો આનંદ રૂબરૂમાં માણી શકીએ છીએ અને રજાઓ સાથે મળીને ઉજવી શકીએ છીએ.”

*- ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
પ્રભજોત કેન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca